**પ્રધાનમંત્રીને કુવૈતના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા**

22 ડિસેમ્બર, 2024

કુવૈતના અમીર, મહામહિમ શેખ મશાલ અલ-અહમદ અલ-જબેર અલ-સબાહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને કુવૈતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'ધ ઑર્ડર ઑફ મુબારક ધ ગ્રેટ' એનાયત કર્યો. કુવૈતના પ્રધાનમંત્રી મહામહિમ શેખ અહમદ અલ-અબ્દુલ્લા અલ-અહમદ અલ-સબાહ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

2.પ્રધાનમંત્રીએ આ પુરસ્કાર ભારત અને કુવૈત વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલ મિત્રતા, કુવૈતમાં ભારતીય સમુદાય અને ભારતના 1.4 અરબ લોકોને સમર્પિત કર્યો.

3.ભારતના પ્રધાનમંત્રીની 43 વર્ષ બાદ કુવૈતની ઐતિહાસિક મુલાકાત દરમિયાન આ પુરસ્કારથી સન્માનિત કરવાથી આ પ્રસંગ ખાસ મહત્વનો બન્યો છે.

4. આ પુરસ્કારની શરૂઆત 1974 માં કરવામાં આવી હતી અને ત્યારથી પસંદગીના વૈશ્વિક નેતાઓને એનાયત કરવામાં આવ્યો છે.

**કુવૈત**

**22 ડિસેમ્બર, 2024**